## માનનીય વડીલો, અઝીઝ ભાઈ–બહેનો અને સ્નેહી દોસ્તો,

સૌપ્રથમ તો આપ સૌના સંપૂર્ણ સહકાર અને અમારામાં આપ સૌએ મુકેલા વિશ્વાસ બદલ અમો આપ સૌના આભારી છીએ અને આપ સૌનો અંત:કરણપૂર્વક ઋણસ્વીકાર કરીએ છીએ. આલીપોર સોશ્યલ વેલ્ફેર ટ્રસ્ટ છેલ્લાં એક દાયકાથી જરૂરીયાતમંદ લોકોને તબીબી સેવાઓ પુરી પાડી રહેલ છે. રોજનાં ૨ કલાકની તબીબી સેવા આપતાં દવાખાનામાંથી આજે ૧૦ વર્ષોની સફર બાદ, આલીપોર સાર્વજનીક હોસ્પિટલ એક વિશાળ વિવિધ હેતુસરની તબીબી સેવાઓ આપતી વિવિધલક્ષી મોટી હોસ્પિટલ તરીકે ઉભરી આવેલ છે. જે ઉપરવાળાની અસીમ કૃપા, વડીલોના આશીર્વાદ અને આપ સૌના સ્નેહ અને સાથ–સહકાર તથા વિશાળ દીલની સખાવતોને આભારી છે.

આપને જણાવતાં આનંદ થાય છે કે આલીપોર વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા સંચાલિત આલીપોર સાર્વજનિક હોસ્પિટલ છેલ્લાં ૩ વર્ષને ત્રણ મહિનાથી કાર્યરત છે અને અમારી અપેક્ષાઓથી પણ વધારે તબીબી કાર્ય આ હોસ્પિટલમાં થયું છે. આ હોસ્પિટલ ચીખલી તાલુકો તથા તેની આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના જરૂરતમંદ દર્દીઓને નાત–જાત, દેશ–પ્રદેશ, ગરીબ–તવંગર કે ધર્મના ભેદભાવ વગર એકદમ રાહતદરે શકય તેટલી સારામાં સારી તબીબી સેવાઓ પૂરી પાડી રહેલ છે.

આ બધુ ઉપરવાળાની દયા, વડીલોની દુઆ તથા આપ જેવા શુભચિંતકોની શુભેચ્છાઓથી જ શકય બન્યું છે. આ અહેવાલ (રિપોર્ટ) આપ સૌને અમારી ૩૧ માર્ચ ૨૦૦૪ સુધીની વર્ષની પ્રવૃત્તિથી માહિતગાર કરશે અને અમારા ઉત્સાહમાં સદભાગી બનાવશે એવી ઉમ્મીદ રાખીએ છીએ.

**અપાયેલી રાહતો**

પ્રથમ વર્ષે જ આ હોસ્પિટલમાં અમોએ તબીબી સેવાની શરૂઆત જનરલ સર્જરી તથા ઈમરજન્સી (તાત્કાલીક સારવાર) વિભાગથી કરેલ. અને ત્યારબાદ બાકીના બે વર્ષોમાં વારા ફરતી બીજા વિભાગોનો ઉમેરો કરેલ છે જેવાં કે કાર્ડિયોલોજી અને જનરલ મેડીસીન, ઓર્થોપેડીક (હાડકાં તથા સાંધાનો) વિભાગ, એક્ષ–રે અને સોનોગ્રાફી વિભાગ, આઈ.સી.યુ. તથા આઈ.સી.સી.યુ. (ઘનિષ્ઠ તબીબી સારવાર તથા ઘનિષ્ઠ હૃદયરોગની તબીબી સારવાર વિભાગ), પેથોલોજી, કાન–નાક–ગળાંનો વિભાગ, દાંતનો વિભાગ, આંખનો વિભાગ, મનોચીકીત્સા તથા માનસીક રોગોનો વિભાગ, ચામડીના રોગોનો વિભાગ, કીડની–મુત્રમાર્ગ–પ્રોસ્ટેટનાં રોગોનો વિભાગ, સ્ત્રીરોગ અને પ્રસુતિ વિભાગ, બાળરોગોનો વિભાગ, લેપ્રોસ્કોપી તથા આર્થોસ્કોપી સર્જરી વિભાગ અને મેડીકલ સ્ટોર. આ ઉપરાંત જનરલ ઓ.પી.ડી.માં આર.એમ.ઓ. ડોકટર દર્દીઓને વિનામૂલ્યે તપાસી રાહતદરે (એક દિવસની દવા ફકત રૂ. ૫/– માં) દવાઓ પણ આપે છે. આપ જોઈ શકો છો કે એક જ છત્ર નીચે લગભગ તમામ પ્રકારની વિવિધ નિષ્ણાંત તબીબી સેવાઓ રાહત દરે ઉપલબ્ધ કરાવવાનો અમોએ સંનિષ્ઠ પ્રયાસ કરેલ છે.

આજુ–બાજુના ગ્રામ્ય વિસ્તારની પ્રજા કે જે અભણ અથવા ઓછું ભણેલ છે તેમનામાં સ્વચ્છતા અને તંદુરસ્તી બાબતે જાગૃતિ પેદા કરવાની જરૂરીયાત અમારાં માટે પડકારરૂપ હતી. આ ધ્યેયની પ્રાપ્તિ માટે અમોએ મફત મોબાઈલ તબીબી સારવાર યોજના (હરતું–ફરતું દવાખાનું) શરૂ કરેલ છે. જેમાં અમો આજુબાજુના ગામડાંઓમાં અમારાં તબીબી નિષ્ણાંતોને મોકલીએ છીએ અને જરૂરીયાતમંદ દર્દીઓને તેમના ઘરઆંગણે તપાસી જરૂરી દવાઓ તથા સલાહસૂચન મફત આપીએ છીએ. અને સ્વચ્છતા અને તંદુરસ્તી બાબતે જરૂરી પ્રશિક્ષણ પણ આપીએ છીએ. આ ઉપરાંત સરકારશ્રીની તબીબી યોજનાઓ જેવી કે ક્ષય નિવારણ, પોલિયો નિવારણ, મેલેરીયા નિવારણ , લેપ્ટોસ્પાયરોસીસ નિવારણનો પણ પ્રચાર કરીએ છીએ તથા આ યોજનાઓના અમલમાં સક્રિય રીતે મદદ કરીએ છીએ. હોસ્પિટલથી ૩ કિ.મી.ના ઘેરાવામાં અમો એમ્બ્યુલન્સ સેવા મફત આપીએ છીએ.

**છેલ્લાં ત્રણ વર્ષોમાં દર્દીઓને આપેલ રાહતનું સરવૈયું નીચે મુજબ છે.**

| ક્રમ | વિગત | વર્ષ ૨૦૦૧–૦૨ માં કુલ રાહત રૂ. માં | વર્ષ ૨૦૦૨–૦૩ માં કુલ રાહત રૂ. માં | વર્ષ ૨૦૦૩–૦૪ માં કુલ રાહત રૂ. માં |
|---|---|---|---|---|
| ૧. | ઓ.પી.ડી. | ૩,૯૭,૫૯૩ | ૩,૦૮,૪૧૫ | ૩,૭૬,૭૧૫ |
| ૨. | ઈન્ડોર | ૨,૩૭,૨૧૮ | ૨,૭૦,૦૬૪ | ૩,૩૦,૨૪૧ |
| ૩. | એકસ–રે | ૧,૩૩,૯૯૬ | ૧,૯૧,૫૨૦ | ૧,૯૦,૪૬૦ |
| ૪. | સોનોગ્રાફી | ૪૧,૮૦૦ | ૯૦,૦૦૦ | ૮૯,૫૦૦ |
| ૫. | પેથોલોજી | ૭૩,૦૪૬ | ૯૭,૯૨૫ | ૧,૨૬,૬૬૨ |
| ૬. | કેઝયુઅલ્ટી | ૨૪,૨૬૦ | ૩૨,૧૪૯ | ૬૯,૨૫૦ |
| ૭. | અન્ય મદદ | ૩૯,૭૪૫ | ૪૭,૮૮૦ | ૫૫,૨૪૧ |
| ૮. | એમ્બ્યુલન્સ | ૨૦,૦૨૪ | ૪,૫૪૦ | ૧૨,૧૪૭ |
| | **કુલ** | **૯,૬૭,૬૮૨** | **૧૦,૪૨,૪૯૩** | **૧૨,૫૦,૨૧૬** |

આપ ઉપરનાં કોઠા પરથી જોઈ શકશો કે અમોએ વર્ષ ૨૦૦૧–૦૨ માં કુલ રાહત રૂ. ૯,૬૭,૦૦૦/– (રૂપિયા નવલાખ સડસઠ હજાર) ની આપેલ છે, વર્ષ ૨૦૦૨–૦૩ માં કુલ રાહત રૂ. ૧૦,૪૨,૦૦૦ (રૂપિયા દસ લાખ બેતાળિસ હજાર) ની આપેલ છે તથા વર્ષ ૨૦૦૩–૦૪ માં કુલ રાહત રૂ. ૧૨,૫૦,૦૦૦/– (રૂપિયા બાર લાખ પચાસ હજાર) જેટલી આપેલ છે. આ બધી રાહતો વિશાળ હૃદયના દાતાઓની ઉદારદિલ સખાવતોને આભારી છે.

### એક જ છત્ર નીચે વિવિધ આરોગ્ય વિષયક સેવાઓ

અમારા સતત પ્રયત્નો રહયા છે કે અહિં આવતાં દર્દીઓને શકય એટલી સારામાં સારી તબીબી સારવાર, સારામાં સારાં નિષ્ણાંત તબીબો દ્વારા મળતી રહે. એક જ હોસ્પિટલમાં શકય એટલા તમામ નિષ્ણાંત તબીબોની સારવારને આવરી લેતી આ વિસ્તારની આ એકમાત્ર સાર્વજનિક ટ્રસ્ટની હોસ્પિટલ છે.

આજુબાજુનાં શહેરોનાં તબીબી નિષ્ણાંતોનો જાતે સીધો સંપર્ક કરી તેમને આલીપોર હોસ્પિટલમાં સેવા આપવા માટે પ્રોત્સાહીત કરી, તેમને આલીપોર હોસ્પિટલમાં જરૂરી તબીબી તપાસની તેમજ ઓપરેશનની તમામ સુવિધાઓ પૂરી પાડીને આ પરીણામ અમો હાંસલ કરી શકયાં છીએ. આ ઉપરાંત હોસ્પિટલમાં ૭ પ્રશિક્ષિત (કવોલીફાઈડ) મેડીકલ ઓફિસર, ૫ ફૂલટાઈમ કન્સલ્ટન્ટ (ઓર્થોપેડીક અને આર્થોસ્કોપીક સર્જન, ફિજીશ્યન અને કાર્ડીઓલોજીસ્ટ, મહિલા ગાયનેકોલોજીસ્ટ, જનરલ અને લેપ્રોસ્કોપીક સર્જન અને એનેસ્થેટિસ્ટ), ૨૦ જેટલી પ્રશિક્ષિત (કવોલીફાઈડ) નર્સો તથા બીજા ૪૫ અન્ય કર્મચારીઓ રાત–દિવસ, ૨૪ કલાક સેવા આપી રહેલ છે.

હોસ્પિટલમાં અત્યાધુનિક સાધન–સગવડો છે. લેબોરેટરી, એકસ–રે તથા સોનોગ્રાફી, નાનાં–મોટાં તમામ ઓપરેશનો કરી શકાય તેવાં ૪ અદ્યતન ઓપરેશન થિયેટરો, લેપ્રોસ્કોપ અને આર્થ્રોસ્કોપ (દૂરબીનથી પેટ તથા સાંધાના પીનહોલ ઓપરેશન માટે), વેન્ટીલેટર અને ડીફિબ્રિલેટર, કાર્ડીયાક મોનીટર, મલ્ટીપેરા મોનીટર, સેલકાઉન્ટર, સી–આર્મ (આઈ.આઈ.ટી.વી.) પણ છે. તાત્કાલિક સારવાર ૨૪ કલાક આપવામાં આવે છે તથા તમામ પ્રકારના મેડીકોલીગલ કેસ (પોલીસ–કેસ) પણ લેવામાં આવે છે. ઓકટોબર ૨૦૦૩ થી લોકલાગણીને માન આપીને અમોએ આલીપોર ગામમાં એક સુવ્યવસ્થિત દવાખાનું શરૂ કરેલ છે.

હજુ વધારે સારી અને ઉત્કૃષ્ટ તબીબી સારવાર અને સેવા માટે અમોને ઘણાં સાધનોની જરૂરીયાત છે અને એને માટે અમોને આપ સૌના સાથ–સહકાર અને સખાવતની તાતી જરૂરીયાત છે. આથી અમો આપ સૌને માનવતાના આ મહાકાર્યમાં યથાશકિત અને યથા ઈચ્છા ઉદારતાથી મદદ કરવા માટે નમ્રતાપૂર્વક અરજ કરીએ છીએ. અમોને જરૂરી એવા સાધનોની યાદી આગળ ઉપર સામેલ છે જે ધ્યાનમાં લેવા વિનંતી.

### સરેરાશ માસિક આવક–જાવકનું પત્રક

હોસ્પિટલના જરૂરી ખર્ચને પહોંચી વળવા માટે આગળના વર્ષોમાં અમારે માસિક રૂા. ૧,૯૩,૦૦૦/– ની ખાધ સરભર કરવી પડી હતી જે હાલના વર્ષમાં ઘટીને માસિક રૂા. ૧,૬૨,૦૦૦/– થઈ છે. અમારી સરેરાશ માસિક આવક–જાવકનું પત્રક નીચે મુજબ છે.

| આવક (રૂપિયામાં) | ગત વર્ષ | ચાલુ વર્ષ | જાવક (રૂપિયામાં) | ગત વર્ષ | ચાલુ વર્ષ |
|---|---|---|---|---|---|
| દાખલ દર્દીની ફી | ૯૦,૦૦૦ | ૧,૨૯,૦૦૦ | પગાર | ૨,૨૦,૦૦૦ | ૨,૫૨,૦૦૦ |
| ઓ.પી.ડી. ફી | ૨૫,૦૦૦ | ૪૦,૦૦૦ | ઈલિકટ્રીક બીલ | ૧૫,૦૦૦ | ૧૬,૫૦૦ |
| લેબોરેટરી ફી | ૨૦,૦૦૦ | ૩૫,૦૦૦ | માનદ વિઝિટીંગ ડો. ની ફી | ૩૦,૦૦૦ | ૩૫,૦૦૦ |
| એક્ષ–રે અને સોનોગ્રાફી | ૨૧,૦૦૦ | ૩૪,૦૦૦ | મશીનરી મેઈન્ટનન્સ ખર્ચ | ૮,૦૦૦ | ૯,૫૦૦ |
| અન્ય આવક | ૨૦,૦૦૦ | ૨૯,૦૦૦ | દવાની ખરીદી | ૫૦,૦૦૦ | ૬૦,૦૦૦ |
| | | | પ્રીન્ટીંગ અને સ્ટેશનરી | ૧૦,૦૦૦ | ૧૫,૦૦૦ |
| માસિક ખાધ | ૧,૯૩,૦૦૦ | ૧,૬૨,૦૦૦ | અન્ય ખર્ચાઓ | ૨૦,૦૦૦ | ૨૨,૦૦૦ |
| | | | ખરીદી (ફીનાઈલ, એસિડ, સાબુ વિગેરે) | ૧૬,૦૦૦ | ૧૯,૦૦૦ |
| કુલ | ૩,૬૯,૦૦૦ | ૪,૨૯,૦૦૦ | કુલ | ૩,૬૯,૦૦૦ | ૪,૨૯,૦૦૦ |

### આલીપોર હોસ્પિટલ ખાતે વિવિધ વિભાગોમાં દર્દીઓએ લીધેલી સેવાઓ

આલીપોર હોસ્પિટલની શરૂઆત જુન–૨૦૦૧ થી લઈને આજ સુધી દર્દીઓએ લીધેલ વિવિધ સેવાઓનો આંકડાકીય અહેવાલ નીચે દર્શાવેલ છે.

| વર્ષ | ઓ.પી.ડી. | દાખલ દર્દી | ઓપરેશન | એક્ષ–રે | લેબોરેટરી | સોનોગ્રાફી |
|---|---|---|---|---|---|---|
| જુન–૦૧ થી માર્ચ–૦૨ | ૧૫,૫૯૮ | ૫,૩૧૦ | ૨૨૩ | ૧,૯૬૦ | ૨,૮૧૫ | ૩૨૯ |
| એપ્રિલ–૦૨ થી માર્ચ–૦૩ | ૧૪,૮૦૪ | ૫,૬૬૫ | ૨૭૨ | ૧,૮૯૪ | ૩,૪૬૮ | ૬૦૦ |
| એપ્રિલ–૦૩ થી માર્ચ–૦૪ | ૧૫,૨૨૦ | ૭,૨૨૮ | ૫૨૭ | ૨,૨૦૯ | ૩,૨૬૪ | ૪૬૬ |
| એપ્રિલ–૦૪ થી ઓગષ્ટ–૦૪ (૫ માસ) | ૫,૩૮૦ | ૩,૫૯૨ | ૨૫૮ | ૯૭૧ | ૧,૫૪૭ | ૧૯૭ |
| કુલ દર્દી | ૫૧,૦૦૨ | ૨૧,૭૯૫ | ૧,૨૮૦ | ૭,૦૩૪ | ૧૧,૦૯૪ | ૧,૫૯૨ |

### મફત મોબાઈલ ડીસ્પેન્સરી (હરતું–ફરતું દવાખાનું)

અમારી મફત મોબાઈલ ડીસ્પેન્સરી (હરતું–ફરતું દવાખાનું) ની સેવાને મોટી સફળતા મળી છે. એન સૌ પ્રથમ ચરણમાં જ ૧૦ દિવસમાં ૬૯ ગામડાઓમાં આ સેવાનો લાભ આપીને અમો આત્મવિશ્વાસ અને ચોકસાઈપૂર્વક કહી શકીએ છીએ કે આ સેવા ગામડાના ગરીબ દર્દીઓને ઘણી જ ઉપયોગી નીવડી છે. અમોને આ સેવા માટે અભૂતપૂર્વ હકારાત્મક પ્રતિભાવ આ ગામડાઓમાંથી મળેલો અને ઘણી જગ્યાએથી

એમના આંગણે મેડીકલ કેમ્પ આયોજીત કરવા માટે ઘણી વિનંતીઓ મળેલી અને હજુ પણ મળી રહી છે. જેથી આ સેવા અમોએ કાયમીધોરણે શરૂ કરવાનો નિર્ણય કરેલો છે. જેના પ્રાયોજન માટે અમોને દાતાઓના સાથ–સહકારની ઘણી જ આવશ્યકતા છે.

અંતરિયાળ ગામડાઓમાં અમો મેડીકલ કેમ્પોનું પણ આયોજન કરીએ છીએ જ્યાં અમો નિષ્ણાંત તબીબો જેવાં કે ઓર્થોપેડીક સર્જન, ફિઝીશ્યન, જનરલ સર્જન અને મહિલા ગાયનેકોલોજીસ્ટ તથા બીજા નિષ્ણાંતોને પણ મોકલીએ છીએ. આ તબક્કે આ મેડીકલ કેમ્પોના આયોજનમાં સહભાગી થનાર અને અમોને સ્થાનીક કક્ષાએ જરૂરિયાત મુજબની સગવડો પુરી પાડનાર તમામનો અમો અંત:કરણપૂર્વક આભાર માનીએ છીએ અને ભવિષ્યમાં પણ આવા જ સાથ–સહકારની અપેક્ષા રાખીએ છીએ. અમોને આના માટે એક મોટી એમ્બ્યુલન્સ વાનની જરૂર છે કે જેની હાલની કિંમત આશરે રૂા. ૧૧,૦૦,૦૦૦/– (અગિયાર લાખ) થાય છે. અમો આપ સૌને આના માટે ઉદાર હાથે મદદ કરવા વિનંતી કરીએ છીએ.

**ચેરીટેબલ ડીસ્પેન્સરી (રાહત દવાખાનું)**

ગામના સ્થાનિક મોટી ઉમરના વડીલોએ પ્રસંગોપાત અમોને રજુઆત કરી હતી કે મોટી ઉમર અને બિમારીને લીધે તેઓ માટે આલીપોર હોસ્પિટલ આવીને સારવાર કરાવવાનું ઘણીવાર શકય બનતું નથી તો આને માટે ગામમાં જ કોઈ સગવડ હોય તો તેમને ઘણી રાહત થાય. તેમની વિનંતીને માન આપીને અમોએ આલીપોર મુસ્લીમ એશોસીએશન પાસેથી આલીપોર પોષ્ટ–ઓફિસની બાજુમાં એક જગ્યા ભાડે લઈને ત્યાં ચેરીટેબલ ડીસ્પેન્સરી (રાહત દવાખાનું) શરૂ કરેલ છે જેને ગામના વડીલો તથા સ્થાનિક લોકો તરફથી જબ્બર પ્રતિસાદ મળેલ છે. આ દવાખાનામાં તપાસવાની ફી લેવામાં આવતી નથી તથા એક દિવસની દવા ફકત રૂા. ૫/– ના નજીવા દરે આપવામાં આવે છે. અહિં આપ સૌને એક બાબતની ખાસ નોંધ લેવા માટે વિનંતી કરીએ છીએ કે આલીપોર સોશ્યલ વેલ્ફેર ટ્રસ્ટ દ્વારા ચલાવાતી આલીપોર હોસ્પિટલમાં કે આલીપોર ગામમાં આવેલ રાહત દવાખાનામાં જનરલ પ્રેકટીશનર (આર.એમ.ઓ.) તરફથી તપાસવાની કોઈપણ ફી લેવામાં આવતી નથી.

**મીનરલ વૉટર પ્લાન્ટ**

ભારત દેશમાં મોટા ભાગનાં ચેપીરોગો અશુધ્ધ અને જંતુયુકત પીવાના પાણીથી થાય છે. આલીપોર હોસ્પિટલમાં આનાથી બચવા માટે પીવાના પાણીના શુધ્ધિકરણ પ્લાન્ટ કે મીનરલ વૉટર પ્લાન્ટની જરૂરીયાત હતી. અમોને જણાવતા આનંદ થાય છે કે આલીપોર હોસ્પિટલના તમામ દર્દીઓ, દર્દીઓના સગાંઓ, ડૉકટરો, નર્સિંગ સ્ટાફ, અન્ય સ્ટાફ તેમજ મુલાકાતીઓને માટે હવે મફ્ત મીનરલ વૉટર પીવા માટે ઉપલબ્ધ છે. આ મીનરલ વૉટર પ્લાન્ટ કૌટુંબીક સભ્યોના એક જુથ દ્વારા તેમનાં સ્વજનની યાદમાં પ્રાયોજીત કરવામાં આવેલ છે જેને માટે અમો એ દાતાઓના આભારી છીએ.

**આલીપોર હોસ્પિટલ મેડીકલ સ્ટોર**

હોસ્પિટલ પોતાનો મેડીકલ સ્ટોર (કેમિસ્ટ શોપ) ધરાવે છે જેમાં કોઈ પણ દવા ઉપરનો ટેક્ષ કે વેરો ગ્રાહકો પાસેથી લેવામાં આવતો નથી. જેથી દરેક દવા, ઈન્જેકશન વિગેરે કિફાયતી દરે મળે છે જેનો લાભ આ હોસ્પિટલના દર્દીઓ ઉપરાંત આજુબાજુના ગામડાંઓ અને શહેર અને નગરના લોકો પણ લે છે. મેડીકલ સ્ટોરનું ખરીદ–વેચાણ તથા સ્ટોક કોમ્પ્યુટરાઈઝ્ડ કરવા માટે હમોએ સોફટવેર લેનાર છે કે જેથી વધુ ચોકસાઈપૂર્વક અને ઝડપી સેવા આપી શકાય. મેડીકલ સ્ટોર માટે અમારી પાસે ફૂલટાઈમ ફાર્માસીસ્ટ છે અને આ મેડીકલ સ્ટોર ખાતે ૨૪ કલાક દવાઓ ઉપલબ્ધ છે.

**મુસ્લીમ–એઈડ, યુ.કે. તરફથી દાનમાં મળેલ સાધનો**

અત્યાર સુધીમાં દાનમાં મળેલ ૩ અતિ ઉપયોગી સાધનો માટે આલીપોર સોશ્યલ વેલ્ફેર ટ્રસ્ટ અને આલીપોર હોસ્પિટલ એન્ડ રીસર્ચ સેન્ટર તરફથી અમો સૌ મુસ્લીમ–એઈડ, યુ.કે.ના અત્યંત આભારી છીએ અને અત્રે એમનો શુક્રિયા અદા કરીએ છીએ. અત્યાર સુધીમાં હોસ્પિટલને એક ડીઝલ જનરેટર સેટ, અલ્ટ્રાસાઉન્ડ સ્કેનર સોનોગ્રાફી મશીન તથા જર્મન બનાવટનું લેપ્રોસ્કોપી અને આર્થ્રોસ્કોપી મશીન દાનમાં મળેલ છે. અહિંના ગ્રામ્ય વિસ્તારમાં વારંવાર વીજળી–ડૂલ થવાના સંજોગોમાં જનરેટર ખુબ જ ઉપયોગી સાબિત થયેલ છે. સોનોગ્રાફી મશીનથી ડૉકટરોની નિદાન ક્ષમતામાં વધારો થયેલ છે. અને લેપ્રોસ્કોપી અને આર્થ્રોસ્કોપી મશીનથી હવે આ હોસ્પિટલમાં દૂરબીનથી કરવામાં આવતી પીન–હોલ સર્જરીની સગવડ શકય બની છે કે જે અત્યાર સુધી મોટાં શહેરોમાં જ ઉપલબ્ધ હતી. ભવિષ્યમાં પણ તેમના તરફથી આવી જ મદદ માટે અમો આશા રાખીએ છીએ તથા દુવા કરીએ છીએ.

**એ. એન્ડ એ. ચેરીટી ટ્રસ્ટ, યુ.કે. તરફથી દાનમાં મળેલ સાધનો**

એ. એન્ડ એ. ચેરીટી ટ્રસ્ટ, યુ.કે. તરફથી દાનમાં મળેલ સી.આર્મ–આઈ.આઈ.ટી.વી. (ફીલીપ્સ, નેધરલેન્ડની બનાવટનું), ઈન્ફન્ટ વેન્ટીલેટર અને પેડીયાટ્રીક રીશસ્ટીકેર યુનિટ માટે અમો એ. એન્ડ એ. ચેરીટી ટ્રસ્ટ, યુ.કે.નાં ટ્રસ્ટી અને મૂળ કપ્લેથા (ભારત) ના નિવાસી શ્રી મોહમદભાઈ પટેલનાં ખૂબ–ખૂબ આભારી છીએ. ભવિષ્યમાં પણ તેમના તરફથી આવી જ મદદ માટે અમો આશા રાખીએ છીએ તથા પ્રાર્થના કરીએ છીએ.

**જરૂરીયાતો**

અમારી મુખ્ય જરૂરીયાત હોસ્પિટલના સરળ અને સફળ વહીવટ માટે જરૂરી એવાં માસિક ખર્ચામાં પડતી ખાધ સરભર કરવાની છે. આગળ જણાવ્યાં મુજબ એક મોટી એમ્બ્યુલન્સ વાન કે જેની હાલની કિંમત આશરે રૂા. ૧૧,૦૦,૦૦૦/– (અગિયાર લાખ) થાય છે તે, આઈ.સી.યુ. અને ઓપરેશન થીયેટરો માટે એક વેન્ટીલેટર (એડલ્ટ) કે જેની હાલની કિંમત આશરે રૂા. ૮,૦૦,૦૦૦/– (આઠ લાખ) થાય

છે તે, કાર્ડીયોલોજી વિભાગ માટે એક કલર ડૉપ્લર (ટુ–ડી અથવા થ્રી– ડી) કે જેની હાલની કિંમત આશરે રૂા. ૧૫,૦૦,૦૦૦/– (પંદર લાખ) થાય છે અને સ્ટ્રેસ–ટેસ્ટ ટ્રેડમીલ મશીન કે જેની હાલની કિંમત આશરે રૂા. ૪,૦૦,૦૦૦/– (ચાર લાખ) થાય છે તે, આંખના વિભાગ માટે એક કોમ્પ્યુટરાઈઝ્ડ આઈ–સાઈટ ચેકિંગ મશીન કે જેની હાલની કિંમત આશરે રૂા. ૩,૫૦,૦૦૦/– (ત્રણ લાખ પચાસ હજાર) થાય છે તે, ઓર્થોપેડીક સર્જીકલ સાધનો આશરે રૂા. ૫,૦૦,૦૦૦/– (પાંચ લાખ) ના, એન્ડોસ્કોપી મશીન કે જેની હાલની કિંમત રૂા. ૩,૦૦,૦૦૦/– (ત્રણ લાખ) થાય છે તે, સર્જીકલ ઓપરેટીંગ માઈક્રોસ્કોપ કે જેની હાલની કિંમત રૂા. ૨,૦૦,૦૦૦/– (બે લાખ) થાય છે તે અને દાંતના વિભાગ માટેના સાધનો આશરે રૂા. ૧,૦૦,૦૦૦/– (એક લાખ) નાં વિગેરે. આ ઉપરાંત બીજી પણ ઘણી સાધન–સામગ્રીની જરૂરીયાત છે કે જે આગળ ઉપર જણાવેલ છે.

**સરકાર દ્વારા પ્રોત્સાહન, માન્યતા અને નોંધણી**

આલીપોર સોશ્યલ વેલ્ફેર ટ્રસ્ટની એક જાહેર ચેરીટી ટ્રસ્ટ તરીકે નોંધણી થયેલ છે. અને જીલ્લા આરોગ્ય વિભાગમાં પણ નોંધણી થયેલ છે. ઘણી વખત જીલ્લા આરોગ્ય વિભાગ તેમની મિટીંગોનું આયોજન હોસ્પિટલના કોન્ફરન્સરૂમમાં કરે છે. ભારત સરકારના ગૃહવિભાગ દ્વારા ફોરેન કંન્ટ્રીબ્યુશન એકટમાં નવી દિલ્હી ખાતે નોંધણી થયેલ છે જેથી કરી વિદેશી દાતાઓ એમનું દાન સહેલાઈથી અહિં પહોંચાડી શકે છે. આ ઉપરાંત ઈન્કમટેક્ષ એકટના સેકશન કલમ ૮૦ જી મુજબ લોકલ દાતાઓને કરમુકિત મળે છે. ભારત સરકારના ઉદ્યોગવિભાગ દ્વારા ઈમ્પોર્ટ–એકસપોર્ટ વિભાગ, નવી દિલ્હી ખાતે નોંધણી થયેલ છે જેથી કસ્ટમ ડ્યુટીમાં મુકિત મળે છે અને દુનિયાના કોઈપણ દેશમાંથી અમો સાધન–સામગ્રી આયાત કરી શકીએ છીએ. અહિં અમોને જણાવતા આનંદ થાય છે કે, જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ચલાવાતાં પ્રાયમરી હેલ્થસેન્ટરને (પી.એચ.સી.) સંભાળી લઈ તે સારી રીતે ચલાવવાની ઓફર પણ જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા અમોને કરવામાં આવી હતી. સરકારશ્રીનાં આવા વિવિધ વિભાગો દ્વારા મળતું પ્રોત્સાહન અમોને આલીપોર હોસ્પિટલનો વહીવટ પારદર્શી રાખવાની પ્રેરણા આપે છે સાથે જ અમોને આ ચેરીટી ટ્રસ્ટની જવાબદારી અને વિશ્વાસ અકબંધ રાખવાની જરૂરીયાતને પણ હંમેશા યાદ દેવડાવે છે. અમો આપ સૌને ખાતરી અને ભરોસો આપીએ છીએ કે ભવિષ્યમાં પણ આલીપોર સોશ્યલ વેલ્ફેર ટ્રસ્ટ અને આલીપોર હોસ્પિટલના વહીવટ અને હિસાબો હંમેશા પારદર્શક અને ચોક્કસ અને યોગ્ય જ રહેશે.

**આલીપોર હોસ્પિટલનું ધ્યેય**

ખૂબ જ ઓછા અને રાહત દરે સમાજનાં દરેક વર્ગોને શકય એટલી આધુનિક અને ઝડપી તબીબી સેવા પુરી પાડવી, સ્થાનિક લોકોમાં ખાસ કરીને ગામડાના લોકોમાં આરોગ્ય અને તંદુરસ્તી માટે જાગૃતિ ઉત્પન્ન કરવી તથા વ્યવસાયલક્ષી અને તબીબી અભ્યાસલક્ષી યોગ્ય તકો ગામડાની પ્રજાને પુરી પાડવી. અમોને પુરેપુરી ખાત્રી છે કે આપ સૌની દુઆઓ, શુભેચ્છાઓ, સાથ–સહકાર અને ઉદારદિલની સખાવતોથી અમો અમારૂં આ ધ્યેય પ્રાપ્ત કરશું જ.

આપ સૌ સ્નેહીઓનાં સલાહ સુચનો તથા પ્રતિભાવો કે જે અમારી ધ્યેયપ્રાપ્તિ અને પ્રગતિમાં સહાયકારી થઈ શકે તેને અમો આવકારીએ છીએ.

**વેબસાઈટ**

અમારાં માટે એ આનંદ અને ઉત્સાહની વાત છે કે આલીપોર હોસ્પિટલની વેબસાઈટ www.aliporehospital.com ને ઘણો જ સારો પ્રતિસાદ દુનિયાભરમાંથી મળી રહેલ છે. અમારી વેબસાઈટ ઘણી લોકપ્રિય છે અને દર મહિને સરેરાશ ચાર હજારથી પણ વધારે વખત જોવાય છે. આ હોસ્પિટલની તબીબી સેવાઓ બાબતે વેબસાઈટ પર ઘણી પૂછપરછ થાય છે. અમારી આપ સૌને પણ નમ્ર વિનંતિ છે કે આપ પણ અમારી આ વેબસાઈટની મુલાકાત લો અને આપના સલાહ સુચનો તથા પ્રતિભાવો અમોને જણાવો. વેબસાઈટને હજુ વધારે સારી, માહિતીપ્રદ અને લોકપ્રિય બનાવવા માટેના સલાહ સુચનો પણ આવકાર્ય છે.

**ઋણસ્વીકાર**

આલીપોર સોશ્યલ વેલ્ફેર ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ, આલીપોર હોસ્પિટલ મેનેજમેન્ટ, આલીપોર ગામનાં વતનીઓ તથા આજુબાજુના ગામડાઓની પ્રજા તરફથી અમો ભારત અને વિદેશોમાં વસતાં આપ સૌ જેવા ઉદાર, નેકદિલ અને સહૃદયી સજ્જનો તથા સન્નારીઓનો અત્રે ઋણ સ્વીકાર કરી ખુબ–ખુબ આભાર માનીએ છીએ. અમારાં વડીલો, સાથીઓ, હોસ્પિટલના તબીબો તથા અન્ય સ્ટાફના સભ્યોનો પણ અમો આ તબક્કે આભાર માનવાની તક ઝડપી લઈએ છીએ.

ટપાલ, ઈ–મેઈલ, વેબ–ચેટ અને ટેલીફોનથી અમોને ઘણાંએ પ્રોત્સાહિત કર્યા છે, માર્ગદર્શન આપ્યું છે, મદદ કરી છે અને સલાહ સુચનો તથા પ્રતિભાવો પણ આપ્યાં છે. આ તમામ સ્નેહીઓનો આલીપોર સોશ્યલ વેલ્ફેર ટ્રસ્ટ તરફથી અમો અંત:કરણપૂર્વક આભાર માનીએ છીએ અને ખાત્રી આપીએ છીએ કે બીમાર, અશકત અને ગરીબ જરૂરતમંદ દર્દીઓની સેવા કરવા માટે અમો અમારાંથી બનતા તમામ શ્રેષ્ઠ પ્રયત્નો નિષ્ઠાપૂર્વક ચાલુ જ રાખીશું.

ખુદાપાક આ નેક કામમાં મદદ કરનાર તથા સાથ સહકાર આપનાર દરેકને ઈ.અ. ખુબજ બહેતર રીતે જરૂરથી નવાજશે. આમીન.

આભાર સહ...

તારીખ : ૧૫/૦૯/૨૦૦૪ લી.

સ્થળ : આલીપોર આલીપોર સોશ્યલ વેલ્ફેર ટ્રસ્ટના બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ